# મોરારજી દેસાઇની કેટલીક જાણી અજાણી વાતો

**લેખક: કેરસી દેબુ          ધારાવાહિક રૂપે પ્રકાશન : 'પ્રિયમિત્ર' સાપ્તાહિક.          તંત્રી: સુરેશ દેસાઇ**

****** *લેખમાળાના આરંભે*******

ભાઇ કેરસી દેબુ નવસારી શહેરનું જાણિતું નામ છે, કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે એમણે નવનિર્માણ આંદોલનની આગેવાની લીધેલી. ઇંદિરાજીની ઇમરજન્સીનો સજ્જડ વિરોધ કરેલો અને નવસારીના કોંગ્રેસી અગ્રણીઓ સાથે જેલવાસ પણ ભોગવેલો. નવસારીના ઇતિહાસના એ અભ્યાસુ સંશોધક છે અને એમને નવસારીના એન્સાઇક્લોપીડિયા માનવામાં આવે છે. રાજકારણમાં પણ એમને રસ છે અને મોરારજી દેસાઇ અને નરેન્દ્ર મોદી એમના પ્રિય નેતાઓ રહ્યા છે. પોતાની પારસી કમ્યુનીટી વિશે પણ એમની પાસે રસપ્રદ માહીતિ છે. કેરસી દેબુ પ્રતિષ્ઠિત દેબુ કુટુંબમાંથી આવે છે અને ગાર્ડા કૉલેજ અને બી.પી. બારિયા કૉલેજના તથા લૉ કૉલેજના એ ટ્રસ્ટી છે. 'પ્રિયમિત્ર' સાપ્તાહિકના એ માનાર્હ તંત્રી પણ છે.

મોરારજીભાઇ દેસાઇ પ્રત્યે એમને ખૂબ માન છે. મોરારજીભાઇ નવસારી આવતા ત્યારે કેરસી દેબુ એમની નજીક રહેવાનો પ્રયત્ન કરતા.મોરારજીભાઇને અનેક વાર એ રૂબરૂ પણ મળ્યા છે. મોરારજી વિશેના બધાં પુસ્તકો એમણે વાંચ્યાં છે. એમના વિશેની બધી માહીતિ પણ એ ભેગી કરતી રહ્યા છે. મોરારજીભાઇની નજીક રહી હોય એવી વ્યક્તિઓને મળીને એમના વિશે નવું નવું જાણવાનું એમને ગમ્યું છે.

ભાઇ કેરસી પાસે મોરારજીભાઇ વિશેની ઘણી અજાણી વાતોની ઓથેન્ટિક માહીતિ છે. આ જાણી અજાણી વાતોને સાપ્તાહિક 'પ્રિયમિત્ર' માં હપ્તાવાર પ્રગટ કરવાનો મારો આગ્રહ એમણે સ્વીકાર્યો મને એનો આનંદ છે. અત્યાર સુધીમાં ૨૪ પ્રકરણો પ્રકાશિત થયાં છે જે રોજ અહીં રજુ થશે. કેરસી દેબુનો મોબાઇલ નંબર ૯૮૨૫૪૯૫૯૪૩ છે અને એમનું ઇમેલ એડ્રેસ kersideboo@yahoo.com છે.

–સુરેશ દેસાઈ. ૯૮૨૪૩૭૫૨૪૧